**અમદાવાદના મે. એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.ર માં,મુ.અમદાવાદ.**

**ફોજદારી કેસ નં. ૩ર૭૦૬/ર૦ર૦**

.ફરીયાદી:– શ્રી સરકાર

**વિરૂધ્ધ**

આરોપીઓ :– ૧.ભાવેશ નટવરભાઈ પરમાર,
ર.જયંતીભાઈ કચરાભાઈ નાડીયા,
૩.પ્રશાંત અશ્વિનભાઈ પટેલ,
૪.દીલીપ ખેતાજી પ્રજાપતિ,
પ.સુરેશભાઈ ગાંડાજી ઠાકોર,
૬.સતીષ ગાંડાલાલ રાઠોડ,
૭.સંજય રમેશભાઈ ઠાકોર,
૮.કૌશીકકુમાર ગણપતભાઈ આસોડીયા,
૯.મનુભાઈ બેચરભાઈ ઠાકોર,
૧૦.પ્રવિણ ઉર્ફે લંગો રમેશભાઈ ઠાકોર,
તમામ રહે.અમદાવાદ.

**આરોપ :– જુગાર ધારા કલમ – ૪, પ મુજબ**

**:: ઠરાવ ::**

(૧) આ કામે ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીઓએ તા.૧૭/ર/ર૦ર૦ના રોજ ગંજીપાના પત્તા વડે પૈસાનો હાર–જીતનો જુગાર રમી, રમાડતા જુગારના સાહિત્ય સાથે પકડાઈ જઈ જુગાર ધારાની કલમ–૪, પ મુજબનો ગુનો કરેલ છે.

(ર) આરોપીઓ અદાલત સમક્ષ ઉપસ્થીત થતા, આરોપીઓને પોલીસ પેપર્સની નકલો આપ્યા બાદ, આરોપીઓની ગુના સબબ પ્લી નોંધતા, આરોપીઓએ પોતાની સામેના ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે અને કબુલાત પુરસીસ અલગથી આપેલ છે તથા આરોપીઓએ મુદ્દામાલ બાબતે નો–કલેઈમ પુરસીસ પણ રજુ કરેલ છે.

(૩) આરોપીઓએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીઓએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહીં કરવા ખાત્રી આપતા હોય, આ કામના આરોપીઓએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીઓને સજા કરવી જોઈએ તેમ માનું છું, પરંતુ આરોપીઓની કબુલાત પુરસીસ વંચાણે લેતા તેમજ આરોપીપક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલ રજુઆતો લક્ષમાં લેતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ''સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર'' ર૦૦પ(૧) જી. એલ. આર. પાના નં.૭૦૯ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો લક્ષમાં લેતા, આ કામમાં આરોપીઓને હાલના ગુના સબબની કલમમાં ન્યુનતમ સજા નિયત કરેલી ના હોય, દંડની સજા કરવી જોઈએ તેમ માનું છું. આરોપીઓની સામેના ગુનાને લક્ષમાં લેતા સામાન્ય કુટુંબના વાતાવરણમાંથી આવતા હોય, આવા પ્રકારના સંજોગોમાં તેઓની રજુઆતો લક્ષમાં લેતા આરોપીઓને તેમની સામેના ગુના સબબ તકસીરવાન ઠરાવવા રહયા, જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચેનો હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

**(૧)** આ કામના **દરેક** આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–રપર મુજબ જુગાર ધારાની કલમ–૪, પ મુજબના ગુના સબબ તકસીરવાર ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને પ્રત્યેક આરોપીને **રૂા.૮૦૦/–(અંકે રૂપિયા આઠસો) પુરા લેખે દંડ** ભરવાનો હુકમ કરવામાં આવે છે. **આમ કુલ મળી રૂા.૮,૦૦૦/–(અંકે રૂપિયા આઠ હજાર પુરા)** દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. જો દંડ ભરવામાં કસુર કરે તો પ્રત્યેકને **દિવસ–૦૬(છ)** ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામે વેલ્યુએબલ મુદ્દામાલ બાબતે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવામાં આવે છે. જો વેલ્યુએબલ મુદ્દામાલ અંગે વચગાળાનો કોઈ હુકમ કરવામાં આવેલ ન હોય તો કબજે કરવામાં આવેલ રોકડ રકમને અપીલ સમય વિત્યા બાદ સરકારશ્રીમાં ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ રોકડ રકમ સિવાય અન્ય વેલ્યુએબલ મુદ્દામાલ હોય તો અપીલ સમય વિત્યા બાદ તેની હરાજી કરી તેમાંથી ઉપજેલ રકમ સરકારશ્રીમાં જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ આ કામે કબ્જે કરવામાં આવેલ નોન–વેલ્યુએબલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) હુકમ મુજબ લગત પોલીસ સ્ટેશન તેમજ આસીસ્ટન્ટ સુપ્રિન્ડેન્ડન્ટ ને યાદી કરવી.

હુકમ આજ રોજ તા.૨૬/૬/૨૦૨૨ ના સ્પેશીયલ સીટીંગમાં જાહેર કરવામાં આવેલ છે.

અમદાવાદ.
તા.૨૬/૬/૨૦૨૨

(એચ.એસ.દવે)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૨ , અમદાવાદ.(કોડ જીજે ００૬૯૩)